Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી
# આત્માનંદ પ્રકાશ

*

પ્રશમ એટલે જ્યાં ક્રોધની આગ નહિ,
માનનો ઉધ્ધમાન નહિ, માયાના ગુંજળા નહિ,
લોભની વ્યાકુળતા નહિ.

*


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૯ | વૈશાખ | આત્મ સંવત ૯૬ |
| અંક : ૭ | મે | વીર સંવત ૨૫૧૮ |
| | ૧૯૯૨ | વીક્રમ સંવત ૨૦૪૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧, | શ્રી નવકાર મંત્રનો જાપ ગણનારાના સુંદર આદર્શ જીવનનું ગીત | — | ૬૯ |
| ૨. | "નમસ્કાર મહામંત્ર" | સંકલન . શ્રી હીરાલાલ બી. શાહ | ૭૧ |
| ૩. | વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાનો શતાબ્દી વર્ષમાં પ્રવેશ | — | ૭૬ |
| ૪. | કસોટી | રતિલાલ માણેકચંદ શાહ | ૭૭ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## ૧. શ્રી વિનયચંદ ગંભીરદાસ શાહ–મુંબઈ

# ચૈત્ર માસની સામુદાયક શાશ્વતી દશમી ઓળીની વિધી સહીત આરાધના

પરમ પૂજ્ય આચાર્ય ભગવત શ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં, શ્રી ભાવનગર જૈન શ્વે મૂ. તપાસંઘના ઉપક્રમે, શ્રીમતી વિંજ્યાલક્ષ્મી ફતેચંદ સોમચંદ સહ-પરિવાર તરફથી સંવત ૨૦૪૮ના ચૈત્ર માસની સામુદાવક શાશ્વતી દશમી ઓળીની વિધિ સહીત આરાધના કરાવવ માં આવી હતી. લગભગ બે હજાર આરાધકોએ લાભ લીધો હતો. ચૈત્ર શુદ પાંચમને દિવસે સાંજે ચાર વાગે શ્રીમતી વિજ્યાલક્ષ્મી ફતેચંદ સોમચંદ સહ પરિવાર તરફથી બધા આરાધકોને અત્તરવાયણા કરાવવામાં આવ્યા હતા. તેમજ ચૈત્ર વદ એકમને સવારે પારણા કરાવવામાં આવ્યા હતા. આ શુભ પ્રસંગે બે દિવસ ઇનામી લેખિત જ્ઞાન સ્પર્ધા રાખવામાં આવી હતી. પારણા પ્રસંગે શ્રીમતી વિજ્યાલક્ષ્મી ફતેહચંદ સોમચંદ સહ પરિવાર તરફથી આરાધકોને ગરમ શાલ નંગ ૧ અને બોલપેન એકની પ્રભાવના કરવામાં આવી હતી. તેમજ અન્ય સદ્ગૃહસ્થો તરફથી પ્રભાવના કરવામાં આવી હતી. ચૈત્ર વદ એકમને સવારના દશ વાગે આરાધકો તેમજ સ્નેહિજનો તરફથી શ્રીમતી વિજ્યાલક્ષ્મી ફતેચંદ સોમચંદ સહ પરિવાર સભ્યોનું બહુમાન કરવ માં આવ્યું હતું.

શ્રીમતી વિજ્યાલક્ષ્મી ફતેચંદ સોમચંદ સહ પરિવારને હાર્દિક અભિનંદન.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતને કોટી કોટી વંદના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્‌ તંત્રીશ્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

## શ્રી નવકાર મંત્રનો જાપ ગણનારાના સુંદર આદર્શ જીવનનું ગીત

નવકાર મંત્રની હો માળા છે હાથમાં
સુખમાં છકાય નહિં દુઃખમાં રડાય નહિં
ભક્તિ ભુલાય નહિં હો...માળા છે ॥૧॥

ધન સંઘરાય નહિં એકલા ખવાય નહિં
મમતા રખાય નહિં હો...માળા છે ॥૨॥

જુઠું બોલાય નહિં ચોરી કરાય નહિં
કોઈને ઠગાય નહિં હો....માળા છે ॥૩॥

ક્રોધ કરાય નહિં કોઈને દુભાય નહિં
કોઈને નિંદાય નહિં હો...માળા છે ॥૪॥

હું પદ ધરાય નહિં પરને પીડાય નહિં
પાપને પોષાય નહિં હો...માળા છે ॥૫॥

કુદ્રષ્ટિ કરાય નહિં આળ દેવાય નહિં
ચાડી ખવાય નહિં હો...માળા છે ॥૬॥

અભક્ષ્ય ખવાય નહિં ટી વી. જોવાય નહિં
તિલક લજવાય નહિં હો...માળા છે ॥૭॥

રાત્રે ખવાય નહિં હોટલમાં જવાય નહિં
બરફ ખવાય નહિં હો...માળા છે ॥૮॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નીતિ છોડાય નહિં ફરજ ચુકાય નહિં
ભોગમાં ફસાય નહિં હો...માળા છે ॥૯॥

બોલ્યુ ફરાય નહિં આકરૂં બોલાય નહિં
ઉદ્‌ભટ્ટ વેષ પહેરાય નહિં...માળા છે ॥૧૦॥

કુળ લજવાય તેવું ધર્મ નિંદાય તેવું
કામ કરાય નહિં હો...માળા છે ॥૧૧॥

પૂજા ચુકાય નહિં વ્યાખ્યાન મુકાય નહિં
નવકારસી કરાય સહિ હો...માળા છે ॥૧૨॥

કર્મોને તોડવા દોષોને ટાળવા
નવકાર ગણાય સહિ હો...માળા છે ॥૧૩॥

ધર્મ વિસરાય નહિં નવકાર ભુલાય નહિં
ભવસાગર તરાય સહિ હો...માળા છે ॥૧૪॥

નિશ્રા મુકાય નહિં વિધિ ભુલાય નહિં
મુક્તિ પમાય સહિ હો...માળા છે ॥૧૫॥

## નવકાર મંત્રના પ્રભાવનું ગીત

નવકાર મંત્રનો મહિમા મોટો સુણજો નરને નાર રે,
હૃદયે રાખી રટણ કરો તો થાયે બેડો પાર રે.
નમો અરિહંતાણં નમો નમો, નમો નમો સિદ્ધાણં નમો નમો,
શેઠ સુદર્શન મંત્ર જપ્યા એને મળ્યો મંત્રનો લ્હાવ રે,
સુળી સિંહાસન બની ગઇ ત્યાં કેવો અજબ પ્રભાવ રે
મહિમા મોટો મંત્ર તણો આ ઉતારે ભવ પાર રે...હૃદયે
કર્મ પ્રભાવે થયા કોઢીયા રાય શ્રીપાળ સલુણા
ચમત્કાર નવકાર મંત્રનો કીધા આંબેલ અલુણા
સુંદરતા પામ્યા પછી ત્યાં તે તેજ ક્ષણે તે વાર રે...હૃદયે
નવકાર મંત્રનો મહિમા મોટો સુણજો નરને નાર રે...હૃદયે
જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામિદુક્કડં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "નમસ્કાર–મહામંત્ર"

સંકલન : શ્રી હીરાલાલ બી શાહ

નવકાર મહિમા :- ચૌદ પૂર્વરૂપ વિશાળ શ્રુતના સાર રૂપ નવકાર મંત્ર છે નવકારના દરેક અક્ષરોને મંત્રવિદો મહાન મંત્રરૂપ માને છે. આઠ સંપદા અને નવ પદમાં. નમસ્કાર પદના પાંત્રીશ અક્ષરો ચુલિકાનો ૩૩ અક્ષરો મળી અડસઠે અક્ષરોને સંપૂર્ણપણે દેવાધિષ્ઠિત માનેલા છે જેના સમ્યગ્ આરાધનથી આરાધક અષ્ટ મહા સિદ્ધિ અને નવ મહાનિધિરૂપ બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારની સંપદા સંપ્રાપ્ત કરે છે. સુદેવ સુગુરુ, અને સદ્ધર્મ રૂપ તત્વત્રયી સાથે જેના પદો સદાકાળ સંકલિત છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ રત્નત્રયીના પરમ પૂનિત પ્રકાશથી જેના સર્વાંગ અક્ષરો પ્રકાશિત છે. સર્વ તીર્થનું તીર્થ. સર્વ મંત્રનો મંત્ર, સર્વ નિધાનમાં શ્રેષ્ઠ નિધાન, એવા મહામંત્ર નવકારનું ત્રિકરણ શુદ્ધિથી ધ્યાન કરવું તે સર્વ શ્રેય પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય છે. જે સર્વ મંગલ સમૂહની માંગલિકતાના મહાલય રૂપ અજોડ અને શ્રેષ્ઠ ભાવ મંગલ છે જેમ કાળનું સ્વરૂપ અનાદિ અનંત છે. તેમ નવકાર મંત્રનું હોવું અનાદિ અનંત છે.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહારાજ એ પાંચે પરમેષ્ઠિ ભગવંતો અનુક્રમે બાર-આઠ-છત્રીશ-પચ્ચીશ અને સત્યાવીશ ગુણોના ધારક છે. જેના સર્વ ગુણો ૧૦૮ થાય છે. એ ૧૦૮ ગુણોના ગુણસમૂહરૂપ નવકાર મંત્રનું સ્મરણ મોક્ષદાયક બને છે.

પાંચ પરમેષ્ઠિની ઓળખ :– પરમેષ્ઠિ એટલે પરમ શ્રેષ્ઠ સ્થાને રહેલા, અર્થાત્ શ્રેષ્ઠ અવસ્થાને પામેલા. એમાં પ્રથમ પરમેષ્ઠિ પદે બિરાજમાન પરમાત્મા શ્રી અરિહંત દેવ છે જૈન દર્શનના મૂળ ઉત્પાદક છે. અર્થાત્ સત્તત્વોના આદ્ય પ્રકાશક અને સદ્ધર્મના સ્થાપક હોવાથી એ પ્રથમ પરમેષ્ઠિ છે. શ્રી અરિહંત પરમાત્મા, શ્રી જિનેશ્વરદેવ, તીર્થંકરદેવ, વીતરાગ પરમાત્મા, સર્વજ્ઞ પરમાત્મા અને જિનેન્દ્ર ભગવાન વગેરે નામોથી પણ સંબોધાય છે. અરિહંત શબ્દથી બે ભાવ લેવાના છે. એક પુણ્ય પ્રાપ્ત અષ્ટ મહાપ્રતિહાર્ય શોભાને યોગ્ય છે તે અને બીજુ રાગદ્વેષાદિ મહાઆંતર શત્રુને હણનારા છે તે અરિહંત. તેઓ છેલ્લેથી ત્રીજા ભવમાં આખા વિશ્વને તારવાની કરુણા ભાવનાના બળ ઉપર અને વીશ સ્થાનકની ઉગ્ર ઉપાસનાના પ્રતાપે તીર્થંકરના બનવાનું પુણ્ય ઉપાર્જન કરે છે. એ પછી તીર્થંકરના ભવમાં ઉત્તમ રાજકુલાદિમાં જન્મ પામતાં જ વિશિષ્ટ અવધિજ્ઞાન, અબીભત્સ ધાતુઓવાળુ અલૌકિક શરીર, અપ્રતિમરૂપ, સુગંધી શ્વાસોશ્વાસ, યાવજ્જીવ નિરોગીતા અને અદૃશ્ય અહાર નિહાર વિધિ વગેરે અતિશયોથી પરિવરેલા છે. દેવાંગનાના સૂતિકર્મ અને ઇન્દ્રો મહારાજાઓના અને દેવોના જન્માભિષેકની પૂજા પામેલા છે. માતાપિતાના બાદશાહી લાડકોડ પામતા ઉછરે છે. છતાં હૃદયથી મહાવિરાગી હોય છે, એમને ગર્વ ઉત્કર્ષ હોતો નથી. રાજ્યના અધિપતિ સમ્રાટ રાજા થાય ત્યાં એમને આસક્તિ હોતી નથી. અને સઘળું છોડી શ્રમણ બને ત્યાં એમનામાં કાયા પ્રત્યે સુખશીલતા હોતી નથી. સંયમ પથે વિચરે છે ત્યારે એક માત્ર કર્મક્ષયનું લક્ષ્ય રાખી, કઠોર વ્રતપાલન, તીવ્ર તપશ્ચર્યા, તેજસ્વી ત્યાગ. પ્રબળ પરિસહ પર વિજય, ઘોર ઉપસર્ગનું સમભાવે વેદન, અને નિરંતર ધારાબદ્ધ ધ્યાન વગેરે આચરે છે. સાધનાને અંતે જ્ઞાનાવરણીય આદિ ચાર ઘનઘાતી કર્મને આત્મા પરથી દૂર કરી વીતરાગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વજ્ઞ બને છે. અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતચારિત્ર (વીતરાગતા) અને અનંતવીર્ય એ ચાર અનંતા પ્રાપ્ત કરે છે.

અહિં પૂર્વે ઉપાર્જેલ તીર્થંકરપણાનું પુણ્ય ઉદયમાં આવે છે. તેથી તેઓની સેવામાં આઠ પ્રાતિહાર્ય નિરંતર સેવામાં હાજર રહે છે. તે આ પ્રમાણે છે. રત્નમય સિંહાસન, વીંઝાતા ચામર, છત્ર, ભામંડલ. દુન્દુભિ દિવ્ય ધ્વનિ, પુષ્પવૃષ્ટિ અને અશોકવૃક્ષ આ આઠે પ્રતિહાર્યો દેવરચિત હોય છે. પ્રભુની ભક્તિથી અને પ્રભુના પુન્ય પ્રભાવના આકર્ષણે દેવો આ આઠ પ્રતિહાર્યોની અને અન્ય દેવકૃત અતિશયોની રચના કરી અતિ ઉલ્લસિત ભાવે પ્રભુની સેવા-ભક્તિનો અપૂર્વ લાભ મેળવે છે. અરિહંત ભગવંતના ચાર અતિશયરૂપ ચાર ગુણો છે.

૧. જ્ઞાનાઅતિશય :- તેનાથી લોકાલોકના અર્થાત્ સમસ્ત ચરાચર પદાર્થોના ભૂત-ભવિષ્ય, વર્તમાનના સર્વ ભાવો જાણે છે.

૨. વચના અતિશય :- તેનાથી દેવ, મનુષ્ય, તિર્યંચ સર્વેને સમજાય એવી અને એકી સાથે હજારો સંદેહને દૂર કરતી સંવેગ વૈરાગ્ય નીતરતી પાંત્રીસ અતિશયવાળી તત્ત્વ વાણી પ્રકાશે છે. જે સાંભળતા ન લાગે થાક, ન લાગે ભૂખ, કે ન લાગે તરસ. એટલી બધી અમૃત કરતા ય અધિકી મીઠી હોય છે.

૩. પૂજા અતિશય :- તેનાથી નરેન્દ્રો દેવેન્દ્રોથી પૂજાય છે. દેશના ભૂમી માટે સમવસરણ દેવો રચે છે. જેમાં રજત, સુવર્ણ અને રત્નના ત્રણ ગઢ ઉપર દેવ મનુષ્યોની બાર પર્ષદાની વચમાં તીર્થંકર પરમાત્મા દેશના આપે છે

૪. અપાયાપગમાતિશય :- તેનાથી શ્રી અરિહંત પરમાત્માની આસપાસના સવાસો યોજન જેટલા ક્ષેત્રમાંથી જનતાના મારી. મરકી જેવા ઉપદ્રવોરૂપી અપાયો દૂર થઈ જાય છે. તેમજ પોતાના રાગદ્વેષાદિ અપાયો પણ દૂર થયેલા છે. આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય મળી અરિહંત પરમાત્માના બાર ગુણો છે.

**શ્રી સિદ્ધ ભગવાન** :- તેઓ આઠે પ્રકારના કર્મના મળથી રહિત બન્યા હોવાથી અત્યંત નિર્મળ આઠ ગુણવાળા બનેલ છે. ચાર ગાતીકર્મના નાશથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીતરાગતા અને અનંતવીર્યવાળા ચાર ગુણો છે.

બાકીના ચાર અઘાતી પૈકી વેદનીય કર્મના નાશથી અનંત અવ્યાબાધ સુખ, આયુઃ કર્મના નાશથી અક્ષય, અજર-અમર સ્થિતિ, નામકર્મના નાશથી અરૂપિપણું અને ગોત્ર કર્મના નાશથી અગુરુલઘુતા પ્રાપ્ત થાય છે. આ આઠ ગુણો એ આત્માના સહજ ગુણો છે. તે નવા ઉપજતા નથી પણ કર્મ દ્વારા અવરાયેલાં હતાં, દબાયેલાં હતાં. તે કર્મ આવરણો દૂર થતા સ્વસ્વરૂપે ઝળકી ઊઠે છે, પ્રગટ થાય છે. એ રીતે સિદ્ધ ભગવંતો નિરંજન નિરાકાર છે, સર્વજ્ઞ-સર્વદર્શી છે શુદ્ધ જ્ઞાતા દૃષ્ટા છે. શાશ્વત જ્યોતિ છે, સ્વતંત્ર છે. સ્વરમણમાં મગ્ના છે. જ્ઞાનથી સર્વવ્યાપી છે, અનંત સુખભોક્તા છે. સર્વ શત્રુના ક્ષયથી, સર્વ રોગના નાશથી, સવ પદાર્થના સબંધથી અને સર્વ ઈચ્છાની પૂર્તિથી જે સુખ થાય તેના કરતા અનંત ગુણ સુખ સિદ્ધ ભગવંતોનુ છે.

**શ્રી આચાર્ય ભગવંત** :- ત્રીજું પરમેષ્ઠિપદ આચાર્ય ભગવંતથી અલંકૃત છે. શ્રી અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં શ્રી જિનશાસનનું સુકાન સંભાળી શકે તેવા ગુણો અને એવું સામર્થ્ય તેઓ ધરાવે છે શ્રી જિન પ્રવચનની પ્રભાવકતા, સ્વ-પર શાસ્ત્ર કુશલતા, સુયોગ્ય શિષ્ય સમૂહનું નેતૃત્વ, અપ્રમત્તતા વિગેરે અનેક વિશેષતાઓને ધરનારા છે. અનંત કાળથી ભવાટવીમાં ભમતા રખડતા જીવોને આચાર્ય ભગવાન માનવ જીવના મૂલ્ય અને કર્તવ્ય પંથ સૂઝાડી ઉન્નતિના માર્ગે ચઢાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંકુચિતમતિ, ભ્રાતિક દૃષ્ટિ, વાસના અને વિકાર ઈર્ષ્યા અને ક્લેશ, ગર્વ અને સ્વાર્થ, મમતા અને માયા, ભય અને હાયવોય વગેરે અનેક દર્દોને શાંત કરી આચાર્ય ભગવાન જીવોને સુંદર સમાધિનું આરોગ્ય આપે છે આચાર્ય ભગવાનના ૩૬ ગુણો છે. તેઓ ૫ ઈન્દ્રિયોના નિગ્રાહક છે. ૯ વિધબ્રહ્મચર્યધારક છે ૪ પ્રકારના કષાયથી મુક્ત છે ૫ મહાવ્રતધારક છે ૫ પંચાચારને પાળનાર છે. ૫ સમિતિ અને ૩ ગુપ્તિનું પાલન કરનારા છે.

શ્રી ઉપાધ્યાય ભગવંત :- ઉપાધ્યય ભગવંત સાધુ મહારાજાઓને સૂત્ર સિદ્ધાન્તોના પાઠક હોય છે. તેઓના પચીસ ગુણ છે. ૧૧ અંગનામના આગમ, ૧૨ ઉપાંગ, ૧ ચરણ સિત્તરી, ૧ કરણ સિત્તરીના વાચક છે. એથી ૨૫ ગુણોને ધરનારા કહેવાય છે વર્તમાન યુગમાં અંગ, ઉપાંગ, પયન્ના, છેદસૂત્ર, મૂળસૂત્ર વગેરે સૂત્રોને નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા સાથે ભણાવે છે એ રીતે શ્રુત પ્રવાહને વહેતા રાખનાર આ જિન પ્રવચનના સ્તંભ છે. તેઓશ્રી શાંત, સમતા અને ઉત્સાહથી શિષ્યોને તૈયાર કરતા હોય શ્રી સંઘના મહાન ઉપકારક છે.

શ્રી સાધુ ભગવંતો :- ગૃહસ્થપણાનો ત્યાગ કરી લોક સંજ્ઞા મૂકી સર્વ પાપ વ્યાપારોને પ્રતિજ્ઞા પૂર્વક છોડીને અલૌકિક સાધુતાને અંગીકાર કરનારા હોય છે.

પાંચ મહાવ્રતની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારી એ સૂક્ષ્મ જીવની પણ હિંસા મનથી પણ જાતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી, અને કરનારને સારા માનતા નથી. એવી રીતે સૂક્ષ્મ જૂઠ, ચોરી, વિષય સેવન અને પરિગ્રહ ધારણના નવ કોટિએ ત્યાગી હોય છે. નવકોટિ ત્યાગ એટલે મન, વચન, અને કાયાએ ન કરવું, ન કરાવવું અને ન અનુમોદન આપવું. જીવન આખુય શાસ્ત્રાધ્યયન, ચિંતન-અધ્યાપન, ધ્યાન, ત્યાગ, તપસ્યા, ઇન્દ્રિય નિગ્રહ, મનશુદ્ધિ, ક્ષુધાતૃષામાન તપમનાદિ પરીસહન વગેરેમાં પસાર કરે છે. તેઓશ્રીના ૨૭ ગુણો છે.

૫ પાંચમહાવ્રતધારક, ૧ રાત્રિભોજન ત્યાગ
૬ કાય જીવરક્ષક ૫ પાંચ ઇન્દ્રિયનિગ્રહ
૧ લોભનિગ્રહ ૧ ક્ષમા ગુણધારક
૧ નિર્મળચિત્ત ૧ પડિલેહણ વિશુદ્ધિ
૧ સંયમ યોગપ્રવૃત ૩ ત્રણ, અશુભયોગના રોધક, ૧ પરિષહ સહન કરનાર, ૧ મરણાંત ઉપસર્ગ સહન કરનાર, સત્યાવીશ ગુણોને ઉજમાળ રીતે ધારણ કરીને સાધુ ભગવંતો ચારિત્ર ધર્મનું પાલન કરે છે. સાધુ ભગવંતોને દશપ્રકારે યતિધર્મ પાળવાનો છે. તે આ :- ક્ષમા, મૃદુતા, સરળતા, નિર્લોભતા, તપ, સંયમ. સત્ય, શૌચ (મનની પવિત્રતા), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, શ્રી નમસ્કાર મહામંત્ર એ નવપદોનું બનેલું મહામંગલસૂત્ર છે એના પ્રારંભનાં પાંચ પદોમાં પાંચે પરમેષ્ટિને નમસ્કાર કરેલ છે પછીના બે પદોથી આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે. અને છેવટના બે પદોમાં સર્વ કરતાં શ્રેષ્ઠ મંગળ કરીને તેનો મહીમા ગાવામાં આવ્યો છે.

નમસ્કારમહામંત્ર આપણને ઘણી વાતો શીખવી જાય છે. આ પંચપરમેષ્ઠિ નમસ્કારમાં કોઇનો પણ વ્યક્તિગત ઉલ્લેખ નથી, પરંતુ તે તે ગુણીનો નિર્દેશ છે, શ્રી જિનશાસનની આ સર્વમાન્ય નિષ્પક્ષપાત પ્રરૂપણા છે. જગતમાં સાચા પૂજ્ય સાચા ધ્યેય, અને સાચા શરણ્ય કોણ હોય શકે એનો સાચો નિર્દેશ છે.

પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાથી આત્મામાં પ્રશસ્ત કોટિના શુભ અધ્યવસાય પ્રગટે છે, એથી મહાન અંતરાયો તુટે છે અને કર્મના બંધનો કપાય છે તેનાથી આત્મા અને મન પવિત્ર બને છે અન્ય મંત્રોથી થતી ઇષ્ટ સિદ્ધિ કરતાં ઘણી ઉંચી ઇષ્ટ સિદ્ધિ આ મહામંત્રથી થાય છે. મોક્ષનું અનંત સુખ આ મહામંત્ર અપાવે છે. જીવનના અંત કાલે પણ આ મહામંત્રનું આલંબન કરવાથી જીવનભરનો પણ પાપી આત્મા એકવાર સદ્ગતિ પામે છે. કષ્ટમય કે દીર્ઘ સાધના કર્યા વિના પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમસ્કાર મહામંત્રના પ્રભાવથી સામાન્ય મનુષ્યને પણ મહાન કાર્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, વિદ્યા મંત્રના પારંગત મહાપુરૂષો પણ અંતે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે.

નમસ્કાર મહામંત્ર એ અખિલ શ્રુતનો સાર છે. એના ધ્યાનમાં મહાજ્ઞાની મહર્ષિઓ પણ જીવનનો અંતિમ કાલ વીતાવે છે એમાં કલ્યાણ સ્વરૂપ અનંત અર્થો ભર્યા છે એ સુખ અને દુ:ખની સર્વ સ્થિતિમાં સ્મરણીય છે: સર્વ શ્રેષ્ઠ ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનો દર્શક છે. આપણે બધાએ નમસ્કાર મહામંત્રને આપણા જીવનમાં ઓતપ્રોત કરવાનો છે.

શ્રી નમસ્કાર મહામંત્ર ભાવ મંગલ સ્વરૂપ છે જૈન શાસ્ત્રોમાં સર્વ પ્રકારનાં ભાવ મંગલોમાં સર્વોત્કૃષ્ટ ભાવ મંગલ 'શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર' ને કહેલ છે 'પંચ પરમેષ્ઠિ નમસ્કાર' એ સ્વયં 'ગુણ' સ્વરૂપ છે. અને બીજું એ કે તે ગુણોના બહુમાન સ્વરૂપ છે. 'શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર' જે સર્વ સદ્‌ગુણોમાં શિરોમણિ જે 'વિનય' સદ્‌ગુણ છે તેના આદર અને પાલન સ્વરૂપ છે.

મોક્ષનું મૂળ વિનય છે. વિનય વિના જ્ઞાન નથી. જ્ઞાન વિના દર્શન નથી. દર્શન વિના ચારિત્ર નથી ચારિત્ર વિના મોક્ષ નથી મતલબ કે મોક્ષને માટે ચારિત્રની જરૂર છે. ચારિત્ર માટે દર્શન (શ્રદ્ધા)ની જરૂર છે દર્શન માટે જ્ઞાનની જરૂર છે જ્ઞાન માટે વિનયની જરૂર છે.

યોગ્યનો વિનય એ સદ્‌વિનય છે. શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં તાત્વિક ગુણોને ધારણ કરવાવાળા વિનયને પાત્ર, ત્રિકાળ અને ત્રિલોકવર્તી સર્વ-વ્યક્તિઓને નમસ્કાર કરવામાં આવે છે. શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં નમસ્કારને યોગ્ય વ્યક્તિઓ સર્વ પ્રધાન હોવાથી તેમને થતો નમસ્કાર એ સર્વ મંગલોમાં પ્રથમ મંગલ સ્વરૂપ છે

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં ત્રણ વસ્તુઓ રહેલી છે.

મનથી નમવાનો ભાવ
વચનથી નમવાનો શબ્દ
કાયાથી નમવાનો ક્રિયા

એ રીતે ભાવ, શબ્દ અને ક્રિયારૂપ ત્રિવિધ ક્રિયાથી યુક્ત 'શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર' પાપ ધ્વંસ અને કર્મ ક્ષયના અનન્ય કારણરૂપ બની જાય છે. તેથી તે સર્વોત્કૃષ્ટ મંગળ સ્વરૂપ છે. તેથી શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારની ચૂલિકામાં ફરમાવેલ છે કે પાંચે પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનારો છે. તથા સર્વ મંગલોમાં પ્રથમ પ્રધાન સર્વોત્કૃષ્ટ મંગલ સ્વરૂપ છે.

મંત્રાધિરાજ શ્રી નવકારની પ્રથમ વિશેષતા એ છે કે તેના અક્ષરોનો સંયોગ અને પદોની રચના સરળ અને સ્પષ્ટ છે. સહુ કોઇ સહેલાઇથી અને સરળતાથી તેનો પાઠ અને ઉચ્ચાર કરી શકે છે અને તેનો અર્થ સમજી શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની બીજી વિશેષતા એ છે કે તેના દ્વારા જે સત્પુરુષોની આરાધના કરવામાં આવે છે તે બધા વીતરાગ અને નિઃસ્પૃહ મહાત્માઓ છે જ્યારે બીજા અન્ય મંત્રોના આરાધ્ય દેવ સંસારી, અને સરાગી આત્માઓ છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ત્રીજી વિશેષતા એ છે કે જ્યાં અન્ય મંત્રોમાં 'દેવતા' અધિષ્ઠાતા તરીકે છે. ત્યારે આ મહામંત્રમાં દેવતા સેવક રૂપે રહે છે. જેઓ આ મહામંત્રની આરાધના કરે છે તેઓની મંત્ર પ્રત્યેની ભક્તિને વશ થઇને દેવો તે આરાધકોના પણ સેવક બનીને રહે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ચોથી વિષેષતા એ છે કે અન્ય મંત્રો જ્યારે અત્યંત ગૂઢાર્થક અને ઉચ્ચારણમાં અતિ કલિષ્ટ હોય છે, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્ર શબ્દથી અતિ સ્પષ્ટ અને અર્થથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અત્યંત સરળ છે. બુદ્ધિમાનથી માંડી બાળક પર્યંત સહુ કોઈ તેનો પાઠ સરળતાથી અને તેનું ઉચ્ચારણ શુદ્ધ રીતે કરી શકે છે અને તેના અર્થનું જ્ઞાન પણ સહેલાઈથી મેળવી શકે છે. મોક્ષાભિલાષી પ્રત્યેક જીવ, પછી તે બાળક હો કે વૃદ્ધ, સ્ત્રી હો કે પુરૂષ, પંડિત હો કે નિરક્ષર, સર્વને એક સરખી રીતે ઉપયોગી થાય તેવી તેની અનુરૂપ રચના છે.

શ્રી નમસ્કાર મહામંત્રની પાંચમી વિશેષતા એ છે કે કોઇક મંત્રો અનુગ્રહ નિગ્રહ, લાભ હાની ઉભય માટે ઉપયોગમાં આવે છે, જ્યારે શ્રી નમસ્કાર મહામંત્રથી કોઇને હાનિ કરી શકાતી નથી, પણ તે કેવળ લાભમાં જ હેતુ બને છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં અનેક વિશેષતાઓ છે જેથી અધમ જીવો પણ આ મહામંત્રના શબ્દો કાનમાં પડવા માત્રથી દુર્ગતિરૂપી ગહન-ગર્તામાં ગબડતા ઉગરી ગયા છે અને સદ્‌ગતિને પામ્યા છે. આટલી અદ્‌ભુત શક્તિ અને છતાં આટલી અનુપમ સરળતા બીજા કોઇ મંત્રમાં સંભવી શકતી નથી. તેથી જ જ્ઞાનીઓની દૃષ્ટિએ આ મંત્રાધિરાજનો મહિમા અતિ મહાન ગવાયેલો છે.

જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.

## શોકાંજલિ

શ્રી જયંતીલાલ મગનલાલ શાહ (ઉ. વર્ષ ૬૮) તા. ૧૪-૪-૯૨ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે, તેઓ શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. તપા સંઘના ઉપ પ્રમુખશ્રી હતા. તે પહેલા તેઓશ્રી આશરે ૧૫ વર્ષ સુધી શ્રી જૈન સંઘના માનદ્ મંત્રી હતા. તેઓશ્રી જૈન સમાજના અગ્રેસર કાર્યકર હતા. શ્રી ભાવનગર જૈન સંઘે એક સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે, અને તેઓશ્રીની ખોટ પૂરી શકાય તેમ નથી. તેઓશ્રી ભાવનગરની ઘણી જૈન સંસ્થાઓના ટ્રસ્ટી પણ હતા. અને બધી સંસ્થાઓની તન, મન અને ધનથી સેવા કરેલ છે. તેઓશ્રી ઉદાર દિલના અને ધાર્મિક વૃત્તિવાળા હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

## શોકાંજલિ

શેઠશ્રી, જયસુખલાલ લાલચંદભાઈ શાહ (કોલીયાકવાળા) ઉ. વર્ષ ૬૩ તા. ૫-૫-૯૨ ને મંગળવારનાં રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી. હતા. તેઓશ્રી ધાર્મીક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાનો શતાબ્દી વર્ષમાં પ્રવેશ"

શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. તપા સંઘે, શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાના જીર્ણ મકાનને તદ્દન નવેસરથી સમારકામ કરીને અનેક સુવિધાયુકત નવું સ્વરૂપ આપેલ છે. આ મકાનનું શુભ ઉદ્‌ઘાટન ઉદારદિલ શ્રેષ્ઠીવર્ય શ્રી ચીનુભાઇ હરિલાલ શાહ (ઘોઘાવાળા)ના વરદ્ હસ્તે તા ૫-૫-૧૯૯૨ ના મંગળવારના સવારના ૮.૦૦ કલાકે કરવામાં આવેલ છે, તેમજ શ્રી આદિશ્વર ભગવાન, શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબ, અને શ્રુતદેવી શ્રી સરસ્વતીદેવી એ ત્રણે ફોટાની અનાવરણવિધિ શ્રેષ્ઠીવર્ય શ્રી મનમોહનભાઇ ફુલચંદ તંબોલી અને શ્રેષ્ઠીવર્ય શ્રી ખાંતીલાલ ફતેચંદ શાહના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે.

શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબે શ્રી ભાવનગર શ્રી સંઘના ઇતિહાસની ગૌરવ ગાથાઓ કંડારવામાં અગણિત અને અસિમ ઉપકારો કર્યા છે, મહારાજશ્રીએ જન્મ તો પંજાબ દેશમાં ધારણ કર્યો. પરંતુ ત્યાં તો દિક્ષા બાદ માત્ર ત્રણ વર્ષ રહ્યા. સંવત ૧૯૧૧ માં ગુજરાત દેશમાં આવ્યા ગુજરાતમાં આવ્યા પછી પંજાબમાં પધાર્યા જ નથી. ગુજરાતમાં, ૩૮ ચોમાસા કર્યા તેમાં અરધો અરધ ૧૯ ચોમાસા ભાવનગરમાં કર્યા છે. શ્રી ભાવનગર શ્રી સંઘના હિતને માટેજ જન્મ ધારણ કર્યો હોય એમ જણાય છે. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યસ્મૃતિ સદા ચિરંજીવ બની રહે તે માટે, મહારાજશ્રીની અમૃતદૃષ્ટિની હાજરીમાં સંવત ૧૯૪૯ ના વૈશાખ શુદિ ૩ ને દિવસે મોટી ધામધુમ સાથે ભવ્ય વરઘોડો ચડાવીને ચતુર્વિધ સંઘની સમક્ષ વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળા સ્થાપવામાં આવી તેના ૯૯ વર્ષ પૂર્ણ કરીને વૈશાખ શુદિ ૩ ને દિવસે ૧૦૦ વર્ષમાં પ્રવેશ કરે છે. ત્યારે ગચ્છાધિપતિ શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં, પ્રસ્તુત પુણ્યપુરુષ તથા પાઠશાળાનું શતાબ્દી વર્ષ અનેકવિધ શુભ પ્રવૃત્તિઓથી ધામધુમપુર્વક ઉજવાય એવું અનોખું આયોજન શ્રી ભાવનગર શ્રી સંઘના ઉપક્રમે કરવામાં આવેલ છે. જેનું ઉદ્‌ઘાટન શ્રેષ્ઠીવર્ય શ્રી શશીકાંત રતીલાલ વાઘરના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે

"જૈનં જયતિ શાસનં."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કસોટી

લેખક : રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

અહીં એક એવા યુગલની જીવન કથા આલેખવામાં આવી છે કે, પ્રત્યેક સુપ્રભાતે ઉઠીને નામ લેતાં પણ આપણો આત્મા પવિત્ર બને.

એક શ્રીમંત, ધર્મિષ્ઠ અને સંસ્કારી શ્રેષ્ઠિવર્યને ત્યાં વિજય જન્મ્યો હતો. તે બચપણથીજ પ્રગલ્ભ હતો એટલે સુવિધા તેને સ્હેજે પ્રાપ્ય બની હતી. શીલ અને સદાચાર તેના સાથી હતા

સમય સરકી રહ્યો હતો અને વિજયકુમાર યૌવાની તરફ પદાર્પણ કરી રહ્યો હતો. પોતાની કમનીય કાંતિથી પ્રત્યેકનો પ્રિય પાત્ર બન્યો હતો. વાણી માધુર્ય નમ્રતા અને ઉત્કૃષ્ટ સંસ્કારોનો આવિષ્કાર થવાથી તેણે મિત્રો, ચાહકો અને સંબધીઓનો મોટો વર્ગ ઉભો કર્યો હતા

એક સમયે તેના મનફલક પર વિચાર આળોટવા લાગ્યો કે, અનાદિકાળથી આ આત્મા વિષયો ભોગવતો આવ્યો હોવા છતાં, તેનાથી તે તૃપ્તિ કેમ અનુભવતો નથી ? એવા તુચ્છ વિષયો પછવાડે પાગલ બનો અનાદિકાળથી આ ભવ સાગરમાં ભટકી રહ્યો છે અને અનંતા દુઃખો જન્મ-મરણના ભોગવી રહ્યો છે હવે જ્યારે આવો સર્વોત્કૃષ્ટ મનુષ્ય જન્મ પ્રાપ્ય બન્યો છે, ત્યારે જો વિષય-કષાયોને નહીં છોડીએ અને મુકત પથ પર પદાર્પણ નહીં કરીએ, તો પછી તે પુરુષર્થ કયા ભવમાં કરી શકશે ? જો આવો ઉત્તમ મહા પુણ્યના યોગ મલેલ અને દેવને પણ દુર્લભ એવો મનુષ્ય ભવ એળે ગૂમાવી દઇશું. તો પછી ઉગરવાનો આરો-વારો કયાં અને કયારે ? કયા ભવમાં ? ?

સાચું સુખ, શાંતિ અને આનંદ બહારના કોઇ પણ પદાર્થો બક્ષી શકે તેમ નથી. અન્ય પદાર્થોમાં માનેલું સુખ તે સાચું સુખ નથી. કારણ કે તે પરાધીન છે, કલ્પિત છે, તે અક્ષય નથી, તેની પછવાડે દુઃખ ડોકીયા કરતું જ હોય છે. તેને સુખ માની જ કેમ સકાય ? આવા કલ્પેલા સુખની પાછળ પાગલ બનીને માણસ વિવેક ગૂમાવી બેસે છે અને વિષયો સેવી આત્માને પાપના ઘોર ગતીમાં ધકકેલી દે છે. જેના પરિણામે નરક-નિગોદની ઉત્કટ વેદનાઓ, યાતનાઓ અને ઘોર પીડાઓ ભોગવવી પડે છે અને તે પણ અનંતા વર્ષો સુધી ભવો સુધી, જો સાચું સુખ અક્ષય) પ્રાદુર્ભૂત કરવું હોય તો, બહારના પ્રત્યેક પદાર્થો પરથી દષ્ટિને ખસેડી લઈ, સ્વ સ્વભાવ તરફ દ્દષ્ટિને સ્થિર કરી, આત્માથી આત્માની અનુભૂતિ કરીએ તો જ તે પ્રાપ્ય બને

વિષયો વિષ જેવા ભયંકર છે. વિષ તો માણસને એક જ વખત મારે છે પણ વિષયો તો ભવોના ભવો સુધી ભાવ મરણો કરાવે છે માટે તેનાથી બચવું આવશ્યક છે. તેથી વિજયકુમારે નિષ્કર્ષ કર્યો કે, આ ભયંકર ભોગોથી જેટલું અલિપ્ત રહી શકાય તેટલું રહેવું જોઇએ; એમ વિચારી તુરત જ નિશ્ચય કર્યો કે આજથી મારે જીંદગી પર્યંત કૃષ્ણપક્ષમાં (અંધારીઆમાં) વિષયભોગનો ત્યાગ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ શહેરમાં બીજા એક ધર્મિષ્ઠ, પ્રગલ્ભ અને શ્રીમંત સદ્દગૃહસ્થ વસતા હતા. તેમને એક પુત્રી હતી. જેનું નામ વિજયા રાખવામાં આવ્યું હતું. વિજયા સુશીલ, સંસ્કારી યુવતી હતી, દેખાવમાં પણ તે લાવણ્યમયી, શૌષ્ઠવાન અને સૌંદર્યવતી હતી, રૂપ સાથે ગુણોનો તેનામાં સહયોગ હતો.

સમયના વ્યતીત થવા સાથે, એક દિવસે આજ ગામમાંઆર્હત ધર્મની ઉપાસના કરનારા સાધ્વીજી પધાર્યા. અનેક બહેનો તેમની પાસે ધર્મદેશના સાંભળવા જવા લાગી, તેમાં વિજયાકુમારી પણ હતી સાધ્વીજીએ ઉપદેશ આપતાં કહ્યું કે, હે પુણ્યશાળીની બહેનો ! જન્મો-જન્મમાં આ આત્મા વિષય-કષાયોમાં આસક્ત બનીને મહામૂલો એવો મનુષ્ય જન્મ વેડફી નાંખે છે, કોઇ પણ એવું સ્થાન નથી, કોઇ એવી યોનિ નથી. કોઇ એવું કુળ નથી કે જ્યાં આ આત્માએ જન્મ ન લીધો હોય ! અનંતા ભવો સુધી ભોગો ભોગવ્યા છતાં પણ આ આત્મા તેનાથી પાછો ફરતો નથી, તૃપ્ત બનતો નથી. અને જાણે નવો જ અનુભવ કરતો હોય તેમ તેને ભોગની લાલસા પાગલ બનાવી દે છે, તે તેમાં રમમાણ બની જાય છે, વિષયનો કીડો બની જાય છે અને પરિણામે દેવને પણ દુર્લભ એવા મનુષ્ય ભવને એળે ગૂમાવી દે છે. માટે વિષય-કષાયોનો ત્યાગ કરી આત્માઓનું ઉર્ધ્વીકરણ કરવું જોઇએ. શાસ્ત્રોમાં શિયળનો પ્રભાવ અલૌકિક બતાવ્યો છે.

'જે દેઈ કણય કોડિં અહવા કારેઈ કણય
જિણભવણતસ્સન તત્તિ અપુણ્ણં
જત્તિય બંભએ ધરિયે.'

કોઇ ભાવિક આત્મા કોડો સોના મહોરોનું દાન કરે, અથવા સુવર્ણનું જિનમંદિર બનાવે, તેનાથી પણ અધિક ફળ બ્રહ્મચર્ય અંગીકાર કરવાથી મળે છે.

સાધ્વીજીના વૈરાગ્યમય ઉપદેશથી વિજયાકુમારીનું હૃદય પણ વૈરાગ્ય રંગથી રંગાઇ ગયું. તેણે વિચાર્યું કે, સાધ્વીજીએ આપેલ ઉપદેશ તદ્દન સત્ય છે. ખરેખર! આત્મા સાચો રાહ ચૂકીને વિષયભોગોમાં ચકચૂર બનીને અધોગતિની ભયંકરગતિમાં ધકકેલાઈ જાય છે અને ઉર્ધ્વગતિ જે આત્માનો મૂળ ગુણ છે, તે પુણ્યપથને ભૂલી જાય છે ખરેખર! ભોગો છોડવા જેવાજ છે હું પણ વિષયભોગોને વિલીન કરીને ઉર્ધ્વગતિ તરફ પદાર્પણ કરૂં તો કેવું સારૂં ? આવી અમૂલ તક શા માટે ગૂમાવવી જોઇએ ? એટલે તેણે સાધ્વીજીને કહ્યું કે, ગુરુણીજી મહારાજ! મારાથી કદાચ જીવન પર્યંત તો બ્રહ્મચર્ય ન પાળી શકાય પરંતુ માસમાં પંદર દિવસ તો જરૂર પાળી શકું. આજથી જીવન પર્યંત શુક્લ પક્ષમાં (શુદમાં) બ્રહ્મચર્ય પાળવાની ઉત્કટ ઉત્કંઠા ધરાવું છું તેથી મને તેની પ્રતિજ્ઞા કરાવો. સાધ્વીજીએ બાધા આપી, અને વિજયાએ તે અંગીકાર કરી.

થોડો સમય સરી ગયો, અને વિજયકુમારનો વિવાહ કરવાની તૈયારીઓ થવા લાગી. એટલે સારા સારા કુટુંબોમાંથી માંગા આવવા લાગ્યાં; તેમાં સુશીલ, સંસ્કારી, સૌંદર્યવતી અને ધર્મિષ્ઠ કન્યા તરીકે વિજયાકુમારી પસંદ કરવામાં આવી, અને ઉભયનો સંબંધ પણ નક્કી થયો. લગ્ન પણ લેવાયાં. વિજયાએ શ્વસુરના ઘરે પદાર્પણ કર્યું.

રાત્રિનો સમય થયો. શયનગૃહમાં પતિ-પત્નિ મળ્યાં. બન્ને આનંદવિભોર બની વાતોમાં મગ્ન બની ગયા. વાતવાતમાં વિજયે કહ્યું કે, કૃષ્ણપક્ષમાં બ્રહ્મચર્ય પાળવાનો મેં નિયમ ગ્રહણ કર્યો છે, અને સમય પૂરો થવાને હજુ ત્રણ દિવસો ખૂટે છે.

આ શબ્દો કાને અથડાતાંજ વિજયા વિચારમાં ખોવાઈ ગઈ, પણક્ષણાર્ધમાંજ તેણે મન પર કાબૂ મેળવી લીધો, પતિદેવ દુઃખ ન અનુભવે તેટલા માટે મુખ પરના ભાવ પરિવર્તિત કર્યા સિવાય સાવધાનતા પૂર્વક વર્તવાનું નક્કી કર્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજયકુમાર સામે સંપૂર્ણ શણગાર સજીને પોતાની પ્રીયતમા ઊભી છે. જે સૌંદર્ય, લાવણ્ય અને યૌવાનાથી પરિપૂર્ણ છે, પ્રથણ સોહાગ રાત છે, બન્ને યુવાનીમાં થનગની રહ્યાં હોવા છતાં, લીધેલી પ્રતિજ્ઞામાં ભંગ ન પડે તે માટે મન પર કાબૂ રાખી, સંયમ રૂપી સરિતામાં સ્નાન કરી કહે છે કે હજુ ત્રણ દિવસો થોભી જવું પડશે મન પર કેટલો કાબૂ ? સંયમ પાળવા માટેની કેટલી ઉત્કટ ઉત્કૃષ્ટ ઉત્કંઠા ? અને બીજી બાજુ પત્ની પોતાની સાથે રંગ–રાગ, આનંદ-પ્રમોદ વિષય–ભોગ, ભોગવવા આમંત્રણ આપી રહી હોય, છતાં પણ તેનો અસ્વીકાર થતો હોવા છતાં પણ પોતાના પતી પ્રત્યે સ્હેજે પણ રોશ ન આણવો બન્ને દંપતીમાં કેટલો સંયમ, વૈરાગ્ય અને કેટલું મનોબળ?

વિજયની વાત સાંભળીને, બિજયાને એટલું જ દુઃખ થયું કે, મારા કારણે મારા નાથની પરિસ્થતિ કેટલી વિકટ બની ! એમને જિવન પર્યંત કૃષ્ણ પક્ષનો બ્રહ્મચર્યનો નિયમ છે અને મારે શુક્લ પક્ષનો; તથી તેમના માટે હું હવે કોઇ ઉપયોગી ન રહી. એ પોતાનો વિચાર તો કરતી જ નથી, પતિની મુશ્કેલીનો જ વિચાર કરે છે. 'જે સ્ત્રી પતિના દુઃખે, દુઃખી છે તેને જ સાચી પત્ની કહી શકાય !' અણે નિષ્કર્ષ કર્યો કે, જે થયું તે સારા માટે, જો તેમ ન થયું હોત તો, મારા માટે સંયમનો રસ્તો કાયમ માટે કયાથી ખુલ્લો થાત?

તેણે વિનંતી કરતાં પતિને કહ્યું કે, હે પ્રાણનાથ ! મારાથી પણ સવિશેષ સૌંદર્યવાન, પ્રગલ્ભ અને મનને આનંદ આપે તેવી નવયુવના સાથે ફરીથી લગ્ન કરો જેથી આપની કામના પૂર્ણ થાય, કારણ કે મારે શુકલ પક્ષમા બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા હોઇ હું આપના માટે યોગ્ય નથી.

પત્નીની વાત સાંભળી વિજયકુમારે કહ્યું કે, હે દેવાનું પ્રિયે ! મને વિષયો પ્રત્યે સ્હેજ પણ રુચિ નથી, એટલે બીજા લગ્ન કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. સારૂં થયું કે તારા જેવી સુશીલ સ્ત્રીને પામીને, આપણે બેઉએ બ્રહ્મચર્ય પાળવાનો આવો શુભ અવસર પ્રાપ્ત થયો. વિષયો તો ઝેર જેવા છે. જેમ કે કિંપાકના ફળ દેખાવમાં સુંદર હોવા છતાં અને ખાવામાં મીઠાં હોવા છતાં પણ પરિણામે પ્રાણ હરી લેનારા છે. તે પ્રમાણે ભોગ વિલાસો ભોગવવા સારા લાગે છે, પણ પરિણામે ચોર્યાસી લાખ યોનિ અને ચાર ગતિમાં ભટકાવી મારે છે. જે અંનતાદુઃખનું કારણ છે માટે. આપણે શીલવ્રત પાળવું જ જોઇએ.

માત-પિતા આ વાત જાણી દુઃખી ન બને તેટલા માટે તેઓ એકજ ઓરડામાં, એકજ સૈયામાં વચ્ચે તલવાર મૂકી સૂતા હતા આ રીતે ઉભય પ્રતિજ્ઞાનું પાલન કરી રહ્યા હતા.

સમય સરી રહ્યો હતો, તે દરમ્યાન વિમલસ્વામી નામના કેવળી ભગવંત વિચરતા વિચરતા ચોરાસી હજાર સાધુના વિશાળ પરિવાર સાથે ચંપાપુરીનગરીને પોતાના પુનિત પગલાથી પાવન કરી. તેમની અમીરસ ઝરતી વાણી સાંભળવા (દેશના) માનવ મહેરામણ ઉભરાયો. કેવળી ભગવંતે દેશના આપી તે સાંભળી અનેક આત્માઓના હ્રદયપટ પર વૈરાગ્ય અંકોરવા લાગ્યો, કઈક આત્માઓના જીવનજ પલટાઇ ગયા. વૈરાગ્યની પુનિત સરિતામાં સહુ સ્નાન કરવા મચી પડયા દેશના પૂર્ણ થયા બાદ જિનદાસ નામના ગૃહસ્થે ભગવંતને વંદના કરી વિનંતી કરી કે, હે પ્રભો ! ચોરાસી હજાર સાધુ પારણા કરવા મારે ત્યાં પધારે એવી મારી ઉત્કટ ઉત્કંઠા છે, માટે પારણાનો લાભ આપવા મારા પર કૃપા કરો.

જિનદાસ શેઠની વિનંતી સાંભળી, પ્રતિઉત્તર આપતાં ભગવંતે જણાવ્યું કે, તમારી ભાવના અતિઉત્તમ છે, પરંતુ તેમ બની શકે નહિ. કારણ કે સાધુઓ ફકત પોતાના દેહને ટકાવવા માટેજ નિર્દોષ ગોચરી વ્હોરે છે, પોતાના નિમિત્તે બનેલી રસોઇ કે ભોજન તેમને માટે દોષિત ગણાય છે, જેમ ભમરો ફૂલનો રસ ચૂસી લેતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવા છતાં ફૂલને જરાય કીલામણ થતી નથી, તેવીજ રીતે સાધુઓ ગૃહસ્થને ત્યાં બનાવેલી રસોઈમાંથી થોડું થોડું વ્હોરી લાવી આરોગે છે, તેથી ગૃહસ્થને ત્યાં ફરી રસોઇ કરવી પડતી નથી અને કોઈ મુશ્કેલીઓ નડતી નથી, તેવી રીતે નિર્દોષ ગોચરી વ્હોરનાર સાધુઓ એકજ ઘરની અને તે પણ ચોરાશી હજાર સાધુઓની તે બનેજ કેમ ? તેમના નિમિત્તે પ્રત્યેક વસ્તુ બનાવવામાં આવે તે તેમને ખપે નહિ કેવળી ભગવંતની વાત સાંભળી, જિનદાસ શ્રાવક આશ્ચર્યચકિત બની ગયો, પણ પુનઃ વિનંતી કરતાં કહેવા લાગ્યો કે, હે પ્રભુ! તો પછી મારે કઇ રીતે લાભ લેવો ? મારી ઉત્કટ ભાવના તો પ્રત્યેક સાધુઓને પારણા કરાવવાનીજ છે.

સર્વજ્ઞ પરમાત્માએ જણાવ્યું કે, હે મહાનુભાવ! જો તારી ઉત્કંઠા લાભજ લેવાની હોય તો તું અહીંથી કચ્છ જા, કે જ્યાં વિજય શેઠ અને વિજયા શેઠાણી જેવા નર રત્નો વસે છે, તમનુ શિયળ અખંડ, નિર્મળ અને નિષ્કલંક છે, એ પવિત્ર દંપતીને જમાડવાથી, તેમને પારણુ કરાવવાથી તને ચોર્યાસી હજાર સાધુઓને પારણું (ભોજન) કરાવ્યા જેટલો જ લાભ થશે.

વિમલ પ્રભુની વાણી સાંભળી જિનદાસ શેઠ આશ્ચર્યચકિત બની ગયો, અને વિચારવા લાગ્યો કે, એક દંપતીને જમાડવાથી ચોરાશી હજાર સાધુઓને પારણા કરાવવા જેટલો જ લાભ ? એ તો દિગ્મૂઢ બની ગયો, તેને થયુ કે, એમનું શીલવ્રત કેટલું પવિત્ર અને ચરમોત્કર્ષ હશે ? કે જેની ખૂદ કેવળી ભગવંત પ્રશંસા કરી રહ્યા છે ખરેખર ! 'બહુરત્ના વસુંધરા' એકીવદંતી સાચી ઠરે છે. અને તેણે તુરતજ કચ્છ દેશ જવા પ્રયાણ આરંભ્યું.

તે વિજય શેઠના ઘરે આવી લાગ્યો. અને વિજય શેઠના પિતાશ્રીને મળી કહેવા લાગ્યો કે, ક્યાં છે એ ભાગ્યશાળી આત્માઓ, કે જેમના શિયળના વખાણ ખુદ કેવળી ભગવંત કરે છે ! એ વાત સાંભળતાજ તેના પિતાના હૃદય તટ પર હર્ષ હિલોળાં લેવા લાગ્યો. આનંદવિભોર બની ગયા આવા ઉત્તમ માનવ રત્નો પોતાનાજ ઘરમાં અને તે પણ પુત્ર-પુત્રવધુ રૂપે હોવા છતાં અભાગી પિતા એવો હોય કે જેને આનંદ ન થાય ?

જિનદાસ શ્રાવકે, જણાવ્યું કે, શેઠશ્રી! આ પવિત્ર યુગલનેજ માડવાથી તેમની ભક્તિ કરવાથી ચોર્યાસી હજાર સાધુઓને પારણા કરાવ્યા જેટલો લાભ મળશે, આ વાત ખુદ કેવળી ભગવંતના મુખેથી સાંભળી હું અહીંયા એ પુણ્યશાળી યુગલની ભક્તિ કરવા આવ્યો છું, તેઓ ક્યાં છે પુણ્યશાળી આત્માઓ એ પવિત્ર પુણ્યશાળી યુગલ ઓરડામાંથી બહાર આવ્યું, જિનદાસ તેઓને જોતાજ, તેઓના ચરણમાં ઢળી પડયો, તેમને જોતાંજ તે હર્ષાન્વિત બની ગયો, તેનું હૃદય પુલકિત બની ઉઠયું, તેનો આનંદ અસીમ બની ગયો. તે હૃદયની અપૂર્વઉર્મિથી, ભાવથી અને આનંદોલ્લાસ સાથે ભક્તિ કરવા મચી પડયો.

વિજય શેઠના માત-પિતાએ આજે જ એ વાત જાણી કે, અમારા ઘરમાં આવા અતિ ઉત્તમ નર રત્નોનો વાસ છે! કે જેઓ અખંડ શિયળવ્રત પાળે છે અહો! કેટલા તેઓ ગંભીર, નિર્મળ અને સંયમી કે ખુદ કેવળી ભગવંત જેના વખાણ કરે, તેમા કઈ અપુર્ણતા હોય ?

માતા-પિતાએ આ વાત જાણી, ત્યાર બાદ તુરતજ ઉભય યુગલ વિજય શેઠ અને વિજયા શેઠાણીએ ચારિત્ર અંગીકાર કર્યું નિર્મળ ચારિત્ર પાળતાં ઘાતિકર્મો લુપ્ત થયા, અને કેવળજ્ઞાન પ્રાદુર્ભૂત થયું ત્યારબાદ વર્ષો સુધી આર્યભૂમિને પોતાના પુનિત પગલાથી પાવન કરતાં કરતા જગતના જીવોનો ઉદ્ધાર કરતાં કરતાં અઘાતિકર્મો વિલીન કરી સિદ્ધસિલા પર બિરાજ્યા લાખો વંદન હો આ બન્ને પુર્ણ આત્માઓને ....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

"શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક સભા તા. ૨૬-૩-૧૯૯૨ના રોજ શ્રી દિપચંદભાઈ ગાડીના પ્રમુખસ્થાતે મળી હતી. જેમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય એલમ્ની એસોસીએશનની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી સી. એન. સંઘવીને આ સંસ્થાના પ્રમુખ નીમવામાં આવ્યા છે, સંસ્થાના સર્વ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિનંતિ છે કે તેઓ એલમ્ની એસોસીએશનના સભ્ય બને સભ્યપદ માટેના ફોર્મ સંસ્થાની ઓફીસ : શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ ૪૦૦૦૩૬ (ફોન નંબર : ૩૮૬ ૪૪ ૧૭ માંથી મલશે."

✡

## શ્રી ક્રાંતિલાલ સુખલાલ શાહ

# શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ

મુંબઇમાંથી પ્રગટ થતા ગુજરાતી જૈન સાપ્તાહિક, પાક્ષિક કે માસીક પત્રોમાં જૈન ધર્મ અંગે પ્રગટ થતા તંત્રી લેખો, વૈચારિક લેખો અને અહેવાલો પૈકી શ્રેષ્ઠ કૃતિઓને દર વર્ષે, મોરબી નિવાસી શ્રી કાંતિલાલ સુખલાલ શાહ શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ એનાયત કરવાનો નિર્ણય લેવાયો છે. તે મુજબ આ વર્ષે સન ૧૯૯૧ દરમ્યાન પ્રગટ થયેલી ઉપર મુજબની કૃતિઓમાંથી વિદ્વાન નિર્ણાયકો દ્વારા ઘોષિત થનારા આ એવોર્ડમાં પ્રથમ રૂા. ૫૦૦, દ્વિતિય રૂા. ૩૦૦ અને તૃતિય રૂા ૨૦૦ આપવામાં આવશે.

આ સ્પર્ધામાં ભાગ લેનારે પોતાના લેખની ત્રણ નકલ અને સાથે જે સામાયિકમાં કૃતિ પ્રગટ થઈ હોય તે સામાયિકની નકલ તા. ૩૧ મે ૧૯૯૨ સુધીમાં શ્રી મુંબઇ જૈન પત્રકાર સંઘના મંત્રીઓ શ્રી નગીનદાસ વાવડીકર, ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, ૨૧૯-એ કિકા સ્ટ્રીટ મુંબઇ-૪૦૦ ૦૦૨ (ફોન નં. : ૮૫૧ ૬૨ ૭૩) અગર શ્રી ચીમનલાલ કલાધર, ૩૮૫. સરદાર વી. પી. રોડ બીજે માળે, મુંબઇ ૪૦૦ ૦૦૪ (ફોન નં. ૩૫૦૨૯૬) મોકલી આપવી.

વિજેતાઓને પારિતોષિક અને પ્રમાણપત્ર સમારંભ આયોજિત કરીને અર્પણ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atamnand Prakash Regd. No. GBV. 31

# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું

## પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણ-વિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં, ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે. કિંમત રૂ. ૭-૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

આ પુસ્તિકા દેવનાગરી લિપિમાં પ્રિન્ટ કરેલ હોવાથી પૂ. સાધુ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો તથા રાજસ્થાન, મારવાડ, તેમજ દક્ષિણ વગેરે દેશોમાં નિવાસ કરનારા સાધર્મિક ભાઈઓ અને બહેનો માટે ખૂબ જ ઉપયોગી છે.

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only